Gujarat Chamber of Commerce & Industry

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

12373

Durgesh V. Buch
President

Natubhai Patel
Sr. Vice President

Bhargav Thakkar
Vice President

Sanjeev Chhajer
Secretary

Dilip M. Padhya
Secretary (R)

Pathik S. Patwari
Treasurer

તારીખ: 29 જાન્યુઆરી, 2020

**શ્રી વિજયભાઈ રૂપાણી**
માનનીય મુખ્ય મંત્રીશ્રી,
ગુજરાત રાજ્ય

**માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ,**

**વિષય: વેરા સમાધાન યોજના 2019 ની મુદત લંબાવવા વિનંતી.**

આપની કુશળતા ઈચ્છું છું.

સૌ પ્રથમ તો આપના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ સુધારા સાથેની વેરા સમાધાન યોજના 2019 જે તારીખ 6-12-2019 ના ઠરાવ થી જાહેર કરવામાં આવેલ તે વ્યાપારી મિત્રો માટે ખુબજ ઉપયોગી સાબિત થયેલ છે. આ અંગે જી.સી.સી.આઈ તેમજ સંસ્થાના તમામ સભ્યો વતી આપનો આભાર માનું છું.

અમારી રજૂઆતને ધ્યાનમાં લઇ આપશ્રીએ ઉપરોક્ત યોજનાનો લાભ લેવા માટે અરજી કરવાની સમય-મર્યાદા તારીખ 27 જાન્યુઆરી, 2020 સુધી લંબાવી તે માટે પણ અમે આપનો આભાર માનીયે છીએ. પરંતુ હજુ પણ ઘણા વ્યાપારીઓ આ યોજનાનો લાભ લઇ શક્યાં નથી. તેઓ સૌ આ યોજનાનો લાભ લેવા માંગે છે પરંતુ તે માટે જરૂરી માહિતી એકત્ર કરી આ અંગેની અરજી સાથે મોકલી આપવા માટે પણ ખુબજ સમય જાય તેમ છે.

આ અંગે અમારું નમ્ર નિવેદન છે કે આટલી સુંદર યોજનાનો લાભ ખુબ જ મોટી સંખ્યામાં વ્યાપારી મિત્રો લઇ શકે તેમજ આ યોજના ખુબ જ સફળ સાબિત થાય તે માટે આ અંગે અરજી કરવાની સમય મર્યાદા હજુ વધુ લંબાવી તારીખ **31 મે, 2020** કરવા વિનંતી છે.

આ અંગે GCCI ખાતે અલગ અલગ વિવિધ જિલ્લા કક્ષાના એસોસિએશનો અને રીજીઅનલ ચેમ્બર્સ દ્વારા પણ અમને વારંવાર ઉપરોક્ત રજુઆત કરવામાં આવેલ છે.

અમે આશા રાખીએ છે કે આપ ચોક્કસ આ અંગે સહાનુભૂતિપૂર્ણ વલણ અપનાવી યોજનાની સમયમર્યાદા તારીખ **31 મે, 2020** સુધી લંબાવી મહત્તમ સંખ્યામાં વ્યાપારી મિત્રો તેનો લાભ લઇ શકે તેમ કરશો.

આપના સકારાત્મક નિર્ણયની અપેક્ષા સહ,

આપનો વિશ્વાસુ,

**દુર્ગેશ બુચ**
પ્રમુખ

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA. | +91 - 79 - 2658 2301-2-3-4 | gcci@gujaratchamber.org | www.gujaratchamber.org

નકલ રવાના :
1. શ્રી નીતિનભાઈ પટેલ, માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય
2. શ્રી પંકજભાઈ જોશી, IAS, અધિક મુખ્ય સચિવ, નાણાં વિભાગ, ગુજરાત સરકાર,
3. શ્રી જે.પી.ગુપ્તા, IAS, ચીફ કમિશનર ઓફ સ્ટેટ ટેક્ષ, અમદાવાદ

Durgesh V. Buch
President

Natubhai Patel
Sr. Vice President

Bhargav Thakkar
Vice President

Sanjeev Chhajer
Secretary

Dilip M. Padhya
Secretary (R)

Pathik S. Patwari
Treasurer